# સચિવાલય પરિસરમાં વાંસળીના સૂર રેલાય છે

**સચિવાલયમાં અધિકારી તરીકે ફરજ બજાવતા ચંદ્રકાન્ત કોટેચા ખુબ જ રસપૂર્વક કર્મચારીઓ-અધિકારીઓને વાંસળીવાદનની તાલીમ આપે છે**

ગાંધીનગર, તા. ૨૪

જીઆરનું જંગલ ગણાતા વહીવટી વડામથક સચિવાલયમાં વાંસળીના સૂર રેલાય એ વાંચતા, જાણતા કોઈને પણ આશ્ચર્ય થાય પરંતુ આ હકીકત છે, નક્કર હકીકત છે. દર બુધવારે રીસેશના સમયમાં વર્ગ-૧ના અધિકારી તરીકે ફરજ બજાવતા ચંદ્રકાન્ત કોટેચા તેમના કર્મચારી-અધિકારી શિષ્યોને વાંસળીવાદનની શાસ્ત્રીય તાલીમ આપે એ દૃશ્ય જ આનંદિત કરી મુકે એવુ છે. સંગીતમાં રસ ધરાવતા સરકારી કર્મચારીઓ-અધિકારીઓ થોડાક સમય માટે કામના ભારણને બાજુએ મુકી નીજાનંદમાં વાંસળીવાદન શીખે છે ત્યારે સચિવાલય જીવંત હોવાની પ્રતિતી થાય છે.



સચિવાલયની વાત આવે તો સૌને ફાઈલો લઈને દોડાદોડ કરતા ક્લાર્ક અને ચોવીસે કલાક જી.આર., પગાર વધારા તથા કચેરી કાર્યપદ્ધતિની ચર્ચા કરતા લોકોનું દૃશ્ય દેખાવા લાગે. સચિવાલયમાં નાનકડા કામે આવેલો કોઈપણ જિલ્લાનો દુધવાળો પણ મોબાઈલ પર કોઈને 'મુ એક મીટીંગમાં સુ, પસી ફોન કરૂ તને..' જેવી મોટાઈ દેખાડતો સંભળાય. આ આભાસી મોટાઈની દુનિયામાં જ્યારે સંગીતના સૂર રેલાય છે ત્યારે અનહદ આનંદની અનુભૂતિ થાય છે. કોઈપણ સંવેદનશીલ, સંગીતપ્રેમી અને સાહિત્ય રસીક વ્યક્તિને આનંદની આવી અદ્ભૂત અનુભૂતિ વાંસળીવાદન થકી કરાવતા ચંદ્રકાન્ત કોટેચા જેવા વિરલાઓ સચિવાલયને જીવંત અને સતત ધબકતુ રાખે છે.

સૌરાષ્ટ્રનું એક નાનુ બાળક પહેલાં ધોરણમાં હતું ત્યારથી એને વાંસળીનું ઘેલું લાગેલું, હવે સૌરાષ્ટ્રમાં તો એને કોઈ શીખવનાર મળ્યું નહીં એટલે જાતે ને પોતે વાંસળી વગાડતાં શીખ્યું. ધોરણ એકથી દસ સુધીમાં સ્વબળે જેવી આવડી એવી શીખ્યા બાદ જીવનની દ્રડમજલ અને અભ્યાસમાં રત થયેલું આ બાળક ૧૯૯૧માં રેલવે નોકરી પર લાગ્યું. ત્યારબાદ ૧૯૯૭માં મામલતદાર બન્યું અને ૧૯૯૮માં એ બાળક ડિસ્ટ્રીક્ટ રજીસ્ટ્રાર બન્યું. ત્યારબાદ તેણે મહારાજા સયાજીરાવ ગાયકવાડ યુનિવર્સિટીમાં સંગીતની સ્નાતક અને અનુસ્નાતક પદવીઓ પણ પ્રાપ્ત કરી. કારણ કે આ બાળક સમયની માંગ મુજબ સર્વાંગ કર્મચારી બની નહોતું ગયું અને તેની અંદરનો કળાકાર તેને સતત સંગીત અને તેની સાધના સાથે જોડાયેલું રાખતો હતો. આ વ્યક્તિ એટલે સચિવાલયમાં હાલ વર્ગ-૧ અધિકારી તરીકે ફરજ બજાવતા ચંદ્રકાન્ત કોટેચા.

વિષમતાઓના આ વિશ્વમાં દર બુધવારે બપોરે અડધો કલાકના વિરામ-સમયમાં બ્લોક નંબર-૧ના ભોંયતળીયે આવેલા ફીટનેસ સેન્ટરમાં એક પછી એક યુવાન કર્મચારીઓ-અધિકારીઓ એક હોલની બહાર જૂના ચપ્પલ ઉતારીને પ્રવેશે છે. દરેકના હાથમાં એક વાંસળી છે. એક શાસ્ત્રિય ગાયકીના અલંકારોની નોંધ ધરાવતી એક ફાઈલ છે. હોલમાં ગુરૂ સ્થાને બેઠેલા એક માણસને આ યુવાનો છાતી પર હાથ રાખી થોડા ઝુકીને આદર આપે છે. અને જમીન પર પોતાનું સ્થાન લે છે. સંખ્યા થઈ જતાં ગુરૂજી પોતાના મોબાઈલને એક નાનકડા સ્પીકર સાથે એટેચ કરીને રીયાજ માટે જરૂરી તાલ વગાડે છે અને આ યુવાનોને વાંસળી વગાડવાની તાલ, સુર અને લયની શાસ્ત્રીય સમજ આપતા જાય છે અને તેનો અભ્યાસ પણ કરાવતા જાય છે... આ ગુરૂજીએ આપણી પોસ્ટની શરૂઆતનું કાઠીયાવાડી બાળક અને હાલ સચિવાલયમાં નોકરી કરતા ચંદ્રકાન્તભાઈ કોટેચા... અને તેઓ તથા તેમના શિષ્યો જ્યારે કાનાની વાંસળીને હોઠે ધરે અને ફૂંક મારે ત્યારે સૌના માથે એક મોર પીંછ દેખાય અને રેલાતા સંગીતના રિયાજમાં કૃષ્ણ તત્વ ગોરંભાય અને ઘનઘોર બનતું જાય!

તેમની સામે બેસીને તન્મય બનીને ગુરૂજી પાસેથી સંગીત સાધનાના કક્કો-બારખડી શીખતા આ યુવાનોમાં સચિવાલય કેડરના ઓફિસ-આસીસ્ટન્ટ, નાયબ શાખા અધિકારીઓ, શાખા અધિકારીઓ અને વર્ગ એકના અધિકારીઓનો સમાવેશ થાય છે. આ બધા યુવક-યુવતીઓને આંખ બંધ કરીને ગુરૂજી સામે 'સારેગમ પધાનિસા, સાનિધમ મગરેસા'નો રિયાજ કરતા જોઈને જરૂર થાય છે કે સચિવાલય ખરેખર ગાંધીનગર અને ગુજરાતનુ હૃદય છે.

**(સૌજન્ય : ધર્મેન્દ્ર ત્રિવેદી)**



અમદાવાદ-ગાંધીનગર વચ્ચે મેટ્રો ટ્રેન શરુ કરવાનું કામ ચાલી રહ્યું છે. મેટ્રો ટ્રેન-રોડ પરથી પસાર થવાની હોઈ ચ-૨ નજીક હાલમાં તેની કામગીરી ચાલી રહી છે. સાઈનબોર્ડ હટાવવાની અને મેટ્રો ટ્રેન માટેના પતરાં લગાવવાની કામગીરી ચાલુ છે.

# જિલ્લામાં અત્યાર સુધીમાં કોરોનાના ૩૮૦૦ મૃતકોના પરિવારોને સહાય ચૂકવાઈ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં કોરોનાથી મૃત્યુ પામેલાઓને સહાય આપવાના સરકારના નિર્ણય પછી આજ સુધીમાં ૩૮૦૦ દર્દીઓના પરિવારજનોને સહાય ચુકવવામાં આવી છે. ગાંધીનગર જિલ્લામાં કોરોનાથી મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા ૧૬૪ દર્શાવવામાં આવી હતી પરંતુ આ સહાય ૩૮૦૦ દર્દીઓને ચુકવવામાં આવી છે.

કોરોનાથી મૃત્યુ પામેલા દર્દીના પરિવારજનોને રૂ. ૫૦ હજારની સહાય સરકાર દ્વારા ચુકવવામાં આવે છે. જિલ્લાને સરકારે આ માટે પ્રથમ તબક્કામાં રૂ. ૧૦ કરોડની ગ્રાન્ટ ફાળવી હતી. જો કે આ પછી સરકારે બે તબક્કે જિલ્લાને ગ્રાન્ટ ફાળવી આપી છે. મળતી વિગતો પ્રમાણે જિલ્લાને આજ સુધીમાં ૪૧૪૮ અરજીઓ આ સહાય મેળવવા માટે મળી છે. તંત્રએ અત્યાર સુધી ૨૩૬ અરજદારોની અરજી નામંજૂર કરી હોવાનું જાણવા મળેલ છે. હાલ ૭૯ અરજીઓની ચકાસણી ચાલી રહી છે અને એકાદ-બે દિવસમાં ચકાસણી સંપન્ન થતાં જ ચૂકવણીની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જિલ્લામાં કોરોનાની બીજી લ્હેર ઘાતક હતી. જોકે ત્રીજી લ્હેરમાં પણ અત્યાર સુધીમાં ૧૫ દર્દીના મોત થયા છે. જો કે ત્રીજી લ્હેરમાં માઈલ્ડ લક્ષણો ધરાવતા દર્દીઓ વધુ મળ્યા છે અને હોસ્પિટાલીઝેશન દર ઓછો નોંધાયો છે.

# શહેર-જિલ્લામાં રવિવારે પલ્સ પોલિયો અભિયાન

**જિલ્લાના ૧,૫૫,૧૬૦ બાળકોને આવરી લેવામાં આવશે : આ માટે ૭૭૧ બુથ, ૮૫ મોબાઈલ બુથ અને ૧૬ ટ્રાન્ઝીટ બુથ ગ્રામ્ય વિસ્તારમાં નિયત કરવામાં આવ્યા છે : ડો. નાયક**

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં આગામી ૨૭મી ફેબ્રુઆરીના રોજ પલ્સ પોલિયો અભિયાન યોજવામાં આવશે.

જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી (ઈન્ચાર્જ) ડૉ. હરેશ નાયકે જણાવ્યુ હતુ કે ૧૯૯૫થી આ અભિયાન યોજવામાં આવી રહેલુ છે.

તેમણે આયોજનની વિગતો આપતાં જણાવ્યુ હતુ કે જિલ્લામાં ૦ થી ૫ વર્ષના ૧,૫૫,૧૬૦ બાળકોને આવરી લેવામાં આવશે. એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે કહ્યુ હતુ કે ગાંધીનગર મનપાની હદ વધતાં બાળકોની સંખ્યામાં ઘટાડો જરૂર નોંધાયો છે.

તેમણે જણાવ્યુ હતુ કે જિલ્લામાં આ માટે ૭૭૧ બુથ ચારેય તાલુકામાં ઉભા કરવામાં આવશે. અભિયાનને સફળ બનાવવા માટે ૮૫ મોબાઈલ બુથ પણ રહેશે તેમજ જિલ્લામાં ૧૬ જેટલા ટ્રાન્ઝીટ બુથ ઉભા કરવામાં આવશે જેથી કોઈ બાળક પલ્સ પોલિયો અભિયાનમાં રહી ના જાય.

ડૉ. નાયકે જણાવ્યુ હતુ કે આ માટે ૨૬૦૦ થી વધુ કર્મચારીઓને ખાસ ફરજ સોંપવામાં આવી છે. ચારેય તાલુકામાં અભિયાન માટે લાયઝન ઓફિસરોની પણ નિયુક્તી કરવામાં આવી છે.

તેમણે જણાવ્યુ હતુ કે આ અભિયાનમાં ૨૭મીએ પલ્સ પોલિયાના એરીયા બુથ પર પીવડાવવામાં આવશે. આ પછી બીજા અને ત્રીજા દિવસે પ્રથમ દિવસે રહી ગયેલા બાળકોને ઘરે ઘરે ફરી અને આ ટીપાં પીવડાવવામાં આવશે.

તેમણે કહ્યુ હતુ કે છેલ્લા ૨૭ વર્ષથી જિલ્લામાં એક પણ પોલીયોનો કેસ નોંધાયો નથી. દર વર્ષે આ અભિયાન યોજવામાં આવતુ હોય છે. તેમણે કહ્યુ હતુ કે રાષ્ટ્રીય સ્તરે આ અભિયાન યોજાતુ હોય છે. આ માટેની જરૂરી રસીનો જથ્થો જિલ્લાને મળી ગયો છે તેમજ તબીબી અધિકારીઓ સહિતના કર્મચારીઓને તાલીમ આપવામાં આવી છે.

# રાજ્યના આરોગ્ય કમિશનર શિવહરે ઊર્જા વિકાસ નિગમમાં મુકાયા

**સનદી અધિકારીઓને બઢતી અને બદલીના હૂકમો કરાયા**

ગાંધીનગર, તા. ૨૪

રાજ્ય સરકારે આજે છ સનદી અધિકારીઓને અગ્ર સચિવ પદે બઢતી આપતા હૂકમો જારી કર્યા છે. આ સાથે રાજ્યના આરોગ્ય કમિશનર જયપ્રકાશ શિવહરેની બદલી પણ કરવામાં આવી છે.

રાજ્ય સરકારે ગુજરાત ઊર્જા વિકાસ નિગમના મેને. ડિરેક્ટર શ્રીમતિ શમીના હુસૈનની બદલી આરોગ્ય કમિશનર તરીકે કરી છે જ્યારે આરોગ્ય કમિશનર જયપ્રકાશ શિવહરેને ઊર્જા વિકાસ નિગમના મેને. ડિરેક્ટર તરીકે નિમણૂંક આપી છે.

આ ઉપરાંત અશ્વિનીકુમાર, સોનલ મિશ્રા, આર.સી. મીના અને મનીષ ભારદ્વાજને અગ્ર સચિવ તરીકે બઢતી આપી હાલની નિમણૂંકની જગ્યા પર ચાલુ રાખવામાં આવ્યા છે.

છેલ્લા ઘણા વખતથી આ બઢતીના હૂકમો અંગે રાહ જોવામાં આવી રહી હતી. આજે સાંજે આ બઢતીના હૂકમો જારી કરવામાં આવ્યા છે.

# જિલ્લામાં આજે ગરીબ કલ્યાણ મેળામાં એક હજારથી વધુ લાભાર્થીઓને લાભ અપાશે

**રાજ્ય ગૃહમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં કોબા પ્રેક્ષા વિશ્વ ભારતી કેન્દ્ર ખાતે આયોજન કરાયુ : રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ વિડીયો કોન્ફરન્સીંગના માધ્યમથી સંબોધન પણ કરશે**

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાનો ૧૩મો ગરીબ કલ્યાણ મેળો કોબા પ્રેક્ષા ભારતી કેન્દ્ર ખાતે આજે સવારે નવ વાગે યોજાશે.

રાજ્યના રાજ્ય ગૃહમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં આ ગરીબ કલ્યાણ મેળો યોજાશે. આ મેળામાં એક હજારથી વધુ લાભાર્થીઓને વિવિધ સહાય-સાધનનું વિતરણ કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં અત્યાર સુધીમાં યોજાયેલા ગરીબ કલ્યાણ મેળામાં ૭૦ હજારથી વધુ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યા છે.

સવારે નવ વાગ્યે યોજવામાં આવેલ આ ગરીબ કલ્યાણ મેળાના આયોજનની સંપૂર્ણ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. આ મેળામાં લાભાર્થીઓને રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ વિડીયો કોન્ફરન્સીંગના માધ્યમથી સંબોધન પણ કરશે. ૨૪, ૨૫ અને ૨૬ ફેબ્રુઆરી દરમ્યાન રાજ્યભરમાં સરકારે ગરીબ કલ્યાણ મેળાના આયોજન કર્યા છે. જિલ્લાકક્ષાના આ ગરીબ કલ્યાણ મેળામાં જિલ્લાના પ્રભારી મંત્રીઓ હાજરી આપી રહ્યા છે.

# સેક્ટર-૧ના તળાવ કાંઠે રજાના દિવસે સર્જાતી ટ્રાફિકની સમસ્યા

**મોર્નિંગ વોકર્સથી માંડીને સાંજના સહેલાણીઓ માટે પસંદગીનું સ્થળ બનેલા તળાવે રજાના દિવસે આડેધડ વાહન પાર્કિંગ સહિત ટ્રાફિકની સમસ્યા સર્જાય છે : નબીરાઓના રોડ પર વાહન પાર્કિંગ કરી જાહેરમાં ધૂમ્રપાન કરવા સહિતની બદીમાં વધારો**

ગાંધીનગર, તા. ૨૪

શહેરના સેક્ટર-૧નું તળાવ ભલે પાણીથી ભરાયું ના હોય પરંતુ તેની ફરતે બનાવાયેલા આકર્ષક બગીચાને કારાણે મોર્નિંગ વોકર્સથી માંડીને સાંજના સહેલાણીઓ માટે પસંદગીનું સ્થળ બની રહ્યું છે. આ સ્થળની સુંદરતા અને મોકળાશને કારણે રવિવારે કે રજાના દિવસે સાંજે અહીં મોટી સંખ્યામાં શહેરીજનો તથા અમદાવાદ તરફથી આવતા સહેલાણીઓ ઉમટી પડે છે જેના કારણે આડેધડ વાહનપાર્કિંગ અને ટ્રાફિકની સમસ્યા સર્જાય છે. લગભગ દરેક રજાના દિવસે સાંજે અહીં ટ્રાફિક પોલીસે નિયમન માટે વિશેષ કવાયત હાથ ધરવી પડે છે. વળી અહીં મોંઘાદાટ બાઈકો કે કાર લઈને આવતા નબીરાઓના જુથ રોડ સાઈડ પર જ વાહનો પાર્ક કરી અડ્ડા જમાવે છે.

ગાંધીનગરમાં સેક્ટર-૧ ખાતે વિકસાવાયેલા તળાવ વિસ્તારની સુંદરતા સૌ કોઈને આકર્ષી રહી છે. અહીં સ્થાનિક રહેવાસીઓ ઉપરાંત શહેરભરમાંથી સહેલાણીઓ આવે છે એટલું જ નહી પરંતુ ગાંધીનગરની આસપાસના ગ્રામ્ય વિસ્તાર તેમજ અમદાવાદના એરપોર્ટ આસપાસના વિસ્તારમાંથી પણ અનેક સહેલાણીઓ માટે આ પસંદગીનું સ્થળ બની રહ્યું છે. ગાંધીનગરમાં ઘ-૪ તથા ગ-૪ના અન્ડરપાસના વિકાસકાર્યને અને કોરાનાને કારણે સ્વર્ણિમ પાર્કમાં જવા આવવાનું બંધ થઈ ગયુ હતુ તે પછી સેક્ટર-૧ના તળાવની લોકપ્રિયતામાં વધારો થયેલો અનુભવી શકાય છે. આ સ્થિતિમાં ખાસ કરીને રવિવારે કે અન્ય જાહેર રજાના દિવસે અહીં ટુ-વ્હિલર્સથી માંડીને કાર લઈને આવતાં સહેલાણીઓની મોટી સંખ્યા ઉમટી પડે છે જેને પગલે ખાણી-પીણીના ખૂમચાંવાળા પણ વેપાર કરવા આવી જાય છે. અહીં દર રવિવારે કે રજાના દિવસે ખાસ કરીને સાંજના સમયે ભીડભાડનો માહોલ અને આડેધડ વાહન પાર્કિંગની સમસ્યા સર્જાય છે. ટ્રાફિક પોલીસ દ્વારા આ સમયે વાહનચાલકોને દંડવા પડે તેવી સ્થિતિ સર્જાય છે. ટ્રાફિક કર્મી ધર્મેન્દ્રસિંહ દ્વારા માઈક્રો ફોન વડે યોગ્ય રીતે વાહન પાર્કિંગની સૂચના આપવાનો ઉપક્રમ પણ અવારનવાર જોવા મળે છે. રોડ સાઈડમાં વાહન પાર્કિંગના કારણે વાહનવ્યવહારપમાં પણ અડચણ જોવા મળે છે. આ સ્થળે મોંઘાદાટ બાઈકોથી માંડીને વૈભવી ગાડીઓ લઈને આવતા નબીરાઓ પણ મોડી સાંજ સુધી રોડ પર જ વાહન પાર્ક કરીને અડ્ડા જમાવવાની સાથે જાહેરમાં ધૂમ્રપાન કરવા તથા પાન-મસાલાં ખાઈને થુંકવા સહિતની બદી પણ જોવા મળે છે જેને અંકુશમાં લેવી જરૂરી જણાય છે.

# રશિયાના યુક્રેન પરના હૂમલાએ ગુજરાતીઓની ચિંતા વધારી..!!

**ક્રુડ-ઓઈલ મોંઘા થતાં રૂપિયો ગગડી રહ્યો છે જેના પગલે વિદ્યાર્થીઓ સહિત વિદેશગમન માટે તૈયાર પ્રવાસીઓનો આર્થિક બોજ વધ્યો : યુક્રેનમાં ફસાયેલા ત્રણેક હજાર વિદ્યાર્થીઓની સલામતીની ચિંતા : શેરબજારમાં કડાકો અને સોના-ચાંદીમાં ઉછાળો થવા સાથે અર્થતંત્ર પર ઘેરી અસરો**

ગાંધીનગર, તા. ૨૪

છેલ્લાં કેટલાંક દિવસથી ચર્ચિત બનેલો રશિયા-યુક્રેન વચ્ચેનો તણાવ અંતે યુદ્ધ સુધી પહોંચી ગયો છે અને રશિયાએ યુક્રેન પર લશ્કરી કાર્યવાહી શરૂ કરી દેતા સમગ્ર વિશ્વમાં ચિંતાનો માહોલ સર્જાયો છે. યુદ્ધની સ્થિતિ સર્જાવાથી ભારતીય અર્થતંત્ર પર પણ તેની વિપરિત અસરો પડી રહેલી જોવા મળી રહી છે જેમાં સોના-ચાંદીના ભાવોમાં ઉછાળાથી માંડીને શેરબજારમાં કડાકા સાથે ક્રુડઓઈલ મોંઘુ થવા ઉપરાંત ભારતીય ચલણ રૂપિયો ગગડવા લાગ્યો છે જેના કારણે વિદેશગમન માટે તૈયાર વિદ્યાર્થીઓથી માંડીને અન્ય પ્રવાસીઓના વિદેશ પ્રવાસ મોંઘા થઈ ગયાં છે. વળી ગુજરાતના તો ત્રણેક હજારથી વધુ વિદ્યાર્થીઓ યુક્રેનમાં ફસાયાં હોવાથી રાજ્યમાં તેમની સલામતી અંગે પણ ચિંતા પ્રસરવા પામી છે.

**સમયસર**

રશિયાના પ્રમુખ વ્લાનિદિર પુટિન દ્વારા યુક્રેનને નાટો સંગઠનમાં જોડાતાં અટકાવવા માટે આક્રમક વલણ અપનાવાયુ છે અને અમેરિકા-યુરોપ તથા સંયુક્ત રાષ્ટ્રસંઘ સહિતની અપીલોને તેમણે અવગણીને યુક્રેન પર હુમલો કરી દીધો છે. રશિયાની સંસદે પણ પુટિનને દેશબહાર લશ્કરી કાર્યવાહી કરવાની સત્તા આપી દેતાં હવે મામલો અત્યંત નાજુક સ્થિતિમાં જોવા મળી રહ્યો છે. આ સ્થિતિ ગુજરાત માટે પણ માઠાં સમાચાર લાવનારી છે કેમ કે રાજ્યના અનેક આશાસ્પદ યુવાનો યુક્રેનમાં તબીબી સહિતના વિવિધ ઉચ્ચ અભ્યાસ કરવા અર્થે ગયેલાં છે તેમની સલામતીનો પ્રશ્નો તો ઉભો થયો જ છે અને સરકાર નાગરિકોને આશ્વાસન આપી રહી છે કે તમામ વિદ્યાર્થીઓને સહીસલામત રીતે લાવવા પ્રયાસ કરાઈ રહ્યો છે.

જો કે રશિયા-યુક્રેનના યુદ્ધને કારણે આતંરરાષ્ટ્રીય બજારમાં ક્રુડઓઈલના ભાવોમાં ઉછાળો આવ્યો છે જેની સીધી અસર ભારતમાં પેટ્રોલ-ડીઝલના ભાવો પર પડશે. એવુ કહેવાય છે કે હાલ ઉત્તરપ્રદેશ-પંજાબ સહિત પાંચ રાજ્યોની ચૂંટણીઓના કારણે સરકાર ઈંધણના ભાવોને

● અનુસંધાન પાન-૭ પર

મહાત્મા ગાંધી દ્વારા સ્થાપિત
યુ.જી.સી.ના ૧૯૫૬ના એક્ટની સેક્શન - ૩ મુજબ સ્થાપિત ડીમ્ડ ટુ બી યુનિવર્સિટી
ગૂજરાત વિદ્યાપીઠ : (NAAC-'A')
આશ્રમ માર્ગ, અમદાવાદ - ૩૮૦ ૦૧૪. ફોન : ૦૭૯-૪૦૦૧૬૩૪૧/૩૪૨

**દ્વિવર્ષીય બી.એડ્./બી.એડ્.હિન્દી/એમ.એડ્.માં પ્રવેશ જાહેરાત વર્ષ : ૨૦૨૨-૨૩**

વર્ષ ૨૦૨૨-૨૩માં દ્વિવર્ષીય બી.એડ્./બી.એડ્. હિન્દી/એમ.એડ્.માં પ્રવેશ માટેનાં અરજીપત્રક તા. ૨૫-૦૨-૨૦૨૨થી ગૂજરાત વિદ્યાપીઠની વેબસાઈટ www.gujaratvidyapith.org પર વિગતો ભરીને વેબસાઈટ પર આપેલી લિન્ક દ્વારા પ્રવેશ પ્રક્રિયા ફી રૂ. ૨૦૦/- ઓનલાઈન ભરીને તેની પાવતી સાથે તા. ૨૫-૦૩-૨૦૨૨ સાંજે ૦૫:૦૦ વાગ્યા સુધીમાં પ્રવેશ ફોર્મ તેમજ સંલગ્ન ડૉક્યુમેન્ટ સ્પીડ પોસ્ટ કે કુરિયર દ્વારા સ્વીકારવામાં આવશે. વધુ માહિતી માટે www.gujaratvidyapith.org અથવા શિક્ષણ વિદ્યાશાખા (IASE), ગૂજરાત વિદ્યાપીઠના કાર્યાલય ફોન નંબર ૦૭૯-૪૦૦૧૬૩૪૧-૩૪૨નો સંપર્ક કરવો.

તા. ૨૩/૦૨/૨૦૨૨ ડો. નિખિલ ભટ્ટ, કા. કુલસચિવ

# શહેર-જિલ્લામાં સંક્રમણ ઘટ્યુ : રિકવરી રેટ વધ્યો

**ગાંધીનગર શહેરમાં ૮ કેસ : જિલ્લાના ગ્રામ્યમાં ૪ કેસ કુડાસણમાં ૪ કેસ નોંધાયા : જાસપુરમાં પાંચ વર્ષની દિકરી સંક્રમિત થઈ**

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના આજે વધુ ૧૨ કેસ નોંધાયા છે. જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં ગઈકાલે થયેલા વધારા પછી આજે નવા કેસોમાં ઘટાડો નોંધાયો છે.

શહેર-જિલ્લામાં આજે ૧૨ કેસ નોંધાયા છે. જે પૈકી ૮ કેસ ગાંધીનગર શહેરમાં અને ૪ કેસ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા ૪ કેસમાં ૩ મહિલા દર્દી છે. જાસપુર ગામમાં પાંચ વર્ષની દિકરી સંક્રમિત થઈ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે બે કેસ ગાંધીનગરમાં અને બે કેસ કલોલમાં નોંધાયા છે.

ગાંધીનગર તાલુકાના પીંપળજ અને અડાલજમાં એક-એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલ તાલુકામાં જાસપુર ગામમાં એક અને કલોલ શહેરના અર્બન-૧ના વિસ્તારમાં નોંધાયેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ ૯૦ ટકાને પાર કરી ગયો છે અને આજે વધુ ૧૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. આજે નોંધાયેલા ૪ કેસ સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૪૬ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૮ કેસ નોંધાયા છે. શહેરમાં કોરોના સંક્રમણની સ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો તંત્રના સૂત્રોએ કરી જણાવ્યુ છે કે રિકવરી રેટ પણ ૯૫ ટકાએ પહોંચવા આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગરમાં જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com